**ઝઘડીયાના જ્યુડી. મેજી. ફ.ક. સાહેબની અદાલત સમક્ષ, મું. ઝઘડીયા**

**ફોજ. કે. નં.૨૪૧/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી.** **શ્રી સરકાર**

**વિરુધ્ધ.**

**આરોપી ૧ ક્રિષ્ણકાંતભાઈ કંચનભાઈ વસાવા,**
**રહે. હિંગોરીયા,તા.ઝઘડીયા,જી.ભરૂચ.**

**ગુન્હો:– પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઈ,૮૧ મુજબ**

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એન.પી.ઉમરીયા
આરોપી તરફે વિ.વ. શ્રી બી.આર.શાહ

---

**–: ચુ કા દો :–**

૧. ફરીયાદ પક્ષની ટુકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈંગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજા ભોગવટાના ઘરમા રાખી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઈ,૮૧ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ હોય જે રજીસ્ટર કરી તપાસ કરનાર અમલદારે તપાસ સંભાળી લઈ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ.

૨. આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા સીઆર.પી.સી. ક.૨૦૭ મુજબ મુજબની જોગવાઈનુ પાલન કર્યા બાદ આરોપી સામે તહોમતનામુ ફરમાવતા આ ગુનાના કામે આરોપીનો જવાબ લેતા તેણે ગુનાનો ઈન્કાર કરેલ છે.

૩. ત્યારબાદ ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટે પોલીસ સાહેદો તથા પંચ સાહેદોને તપાસવામા આવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવામા ગુના લગત કરવામા આવેલ પંચનામુ રજુ કરેલ છે.

૪. ત્યારબાદ બંને પક્ષની દલીલ તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવા જરૂરી બને છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈંગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજા ભોગવટાના ઘરમા રાખી ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫એઈ,૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

૭. ઉપરોકત બંને મુદાઓ એકબીજાથી સંલગ્ન હોય તેની સંયુકત ચર્ચા કરવામા આવે છે.

૮. ફરીયાદ પક્ષે આંક-૯ થી ફરીયાદી દિપકભાઈ દાદુભાઈ, આંક-૧૪ થી પોલીસ સાહેદ જયરાજભાઈ ભરતભાઈ તથા આંક-૧૯ થી ત.ક.અ રવિન્દ્રભાઈ ઝીણાભાઈ નાઓની જુબાની નોધવામા આવેલ છે જેમા તેઓએ કહેવાતા બનાવમા આરોપીના કબજા ભોગવટામાથી કુલ કિ.રૂા. ૮૨,૯૨૦/- નો વિદેશી દારૂનો મુદામાલ મળી આવેલ હોવાનુ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને સમર્થન કરેલ છે. વધુમા ત.ક.અ એ તે અંગેની તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોધી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ નામ. કોર્ટમા ચાર્જશીટ કરેલ હોવાની હકીકત તેઓના સોગંદ ઉપરના પુરાવામા જણાવેલ છે. વધુમા ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામે તેમના પુરાવામા આરોપીના કબજા ભોગવટાના ઘરમાથી ગે.કા અને વગર પાસ પરમીટના વિદેશી દારૂની બોટલો મળી આવેલ તેમજ તે મુદામાલ તેમજ મુદામાલ શેમ્પલ કબજે કરેલ હોવાનુ જણાવેલ છે.

ત્યારબાદ સદર કામે બચાવપક્ષ તરફે ફરીયાદીની તથા આંક-૧૪ થી તપાસવામા આવેલ પોલીસ સાહેદની કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા '' તેઓ ગયેલ તે સમયે કોઈ પ્રાથમિક પંચનામુ કરવામા આવેલ નહી તેમજ સ્થળ પર કોઈ આરોપી મળી આવેલ નહી તેમજ બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે તેમજ મકાનની માલિકી

અંગેના કોઈ આધાર પુરાવા તેઓએ આ કામે મેળવેલ નથી તેમજ કહેવાતો મુદામાલ બિનવારસી હાલતમા મળી આવેલ'' તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે.

ત્યારબાદ સદર કામે આંક–૧૯ થી તપાસવામા આવેલ ત.ક.અ ની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા '' બાતમી આધારે રેડમા ગયેલ હોય કોઈ પ્રાથીમક પંચનામુ કરવામા આવેલ નહી તેમજ વાહનનો નંબર ફરીયાદમા દર્શાવેલ નથી તેમજ બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે તેમજ બનાવવાળો વિસ્તાર વાહનોની અવરજવર વાળો  વિસ્તાર છે તેમજ ઘરની માલિકી અંગેનો આધાર પુરાવો આ કામે મેળવેલ નથી તેમજ સ્થળ પરથી કોઈ આરોપી પકડાયેલ હોય તેવુ બનેલ નથી'' તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે.

હવે, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો સૌપ્રથમ તો કહેવાતો જે મુદામાલ બનાવ સ્થળ પરથી કબજે લેવામા આવેલ હતો તે મુદામાલ દારૂ હોવા સંદર્ભેનો એફ.એસ.એલ રીપોર્ટ આ કામે ત.ક.અ એ રજુ કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી.  ત્યારબાદ રેકર્ડ ઉપર તપાસવામા આવેલ તમામ સાહેદોએ તેઓની ઉલટતપાસમા સ્પષ્ટપણે બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર હોવાની અને બનાવવાળી જગ્યાએ વાહનોની અવરજવર રહેતી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર અને તટસ્થ સાહેદો મળી શકવાની પુરતી સંભાવનાઓ હોવા છતા કયાં કારણોસર તેવા કોઈ સાહેદોના નિવેદનો લેવામા આવેલ નથી તે અં ગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો ત.ક.અ ધ્વારા કરવામા આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. ત્યારબાદ તમામ પોલીસ સાહેદોએ તેઓની ઉલટતપાસમા આરોપી બનાવ સ્થળેથી મળી આવેલ નથી અને કહેવાતો મુદામાલ બિનવારસી હાલતમા મળી આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જેથી ઉપરોકત હકીકત પરથી પ્રોહી મુદામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાથી મળી આવેલ હોય કે આરોપીને સ્થળ ઉપરથી અટક કરવામા આવેલ હોય તે હકીકત પણ ફરીયાદપક્ષ સંશયરહીત પુરવાર કરી શકેલ નથી. વધુમા પોલીસ સાહેદોએ તેઓની ઉલટતપાસમા મકાનની માલિકી અંગેના પુરાવા રજુ કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જે હકીકત પરથી જે જગ્યાએથી કહેવાતો મુદામાલ અટક કરવામા આવેલ છે તે જગ્યા આરોપીની માલીકી કબજા ભોગવટાની હોય તે હકીકત પણ ફરીયાદપક્ષ શંકા થી પર રહીને પુરવાર કરી શકેલ નથી. વધુમા પોલીસ સાહેદોની ઉલતપાસ ધ્યાને લેતા તેમા ગુનાથી સંબંધિત પ્રાથમિક

પંચનામુ કરવામા આવેલ ન હોવાનુ જણાઈ આવે છે. જેથી પોલીસ સાહેદો ધ્વારા ગુનાથી સંબંધિત યોગ્ય પ્રક્રિયા અનુસરવામા આવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. ત્યારબાદ સદર કામે આંક–૬ થી રજુ પંચનામાના પંચ સાહેદોને અનુક્રમે આંક–૫ તથા આંક–૭ થી તપાસવામા આવેલા છે. સદરહુ બંને પંચ સાહેદોએ તેઓની કોર્ટ સમક્ષની જુબાનીમા પંચનામામા સહી કર્યા સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલ હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ જાહેર કરવામા આવેલા છે. આમ, જે પંચ સાહેદો રૂબરૂ પોલીસ સાહેદો ધ્વારા કહેવાતા ગુનાથી સંબંધિત પંચનામાની કાર્યવાહી કરેલ હોવાની જે હકીકત જણાવવામા આવેલ તે હકીકતોને પંચ સાહેદોએ આંશિકરૂપે પણ સમર્થન આપેલ ન હોય પોલીસ સાહેદોએ તેઓની જુબાનીમા જણાવેલ હકીકતોની સત્યતા પ્રત્યે શંકા ઉપસ્થિત થાય છે. વધુમા સદર કામે તપાસવામા આવેલ સાહેદ પોલીસ સાહેદ હોવાથી રસ ધરાવનાર સાહેદ કહી શકાય અને રસ ધરાવનાર સાહેદનો પુરાવો માનવો તેવો કોઈ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત નથી પરંતુ આરોપી વિરૂધ્ધનુ તહોમત સિધ્ધ કરવા માટે ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર, સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે પરંતુ આ કામે તપાસના કામે ત.ક.અ એ તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી જે હકીકત ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે. જેથી ઉપરોકત સમગ્ર હકીકતના આધારે ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આરોપ સાથે સાંકળી શકે તેવી કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર સંશયરહીત પુરવાર કરવામા સફળ રહી શકેલ નથી.

૯. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપીએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર વિદેશી દારૂ તેઓના કબજામા રાખેલ હોય તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદ પક્ષ આરોપી સામેના પ્રસ્તુત કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી છુ અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**-: હુ ક મ :-**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આરોપીઓને પ્રોહીબીશન એકટની કલમ-૬૫એઈ,૮૧ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ/નિકાલ કરવો.

(૩) સદરહું કામના આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ-૪૩૭(એ) અન્વયે જો આ ઠરાવ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે રૂા. ૫,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date :09-04-2026**

**( J.S.RATHORE )**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ01695**